# સ્વજનનું સર્વસ્વ ન્યોછાવર કરનારા પરિજનોનું રાષ્ટ્રપતિ દ્વારા સન્માન

## અંગદાન માટે કાર્યરત સુરતની ડોનેટ લાઈફ સંસ્થાની સેવાપ્રવૃત્તિને બિરદાવતા રાજ્યપાલ ઓ.પી. કોહલી




ગાંધીનગર, તા. ૨૯

સામાન્ય રીતે વ્યક્તિ જ્યારે કોઈ ઉપલબ્ધિ પ્રાપ્ત કરે છે ત્યારે તેનું અભિવાદન, સત્કાર કરવાની આપણી પરંપરા રહી છે, ત્યારે પોતાના સ્વજનનું સર્વસ્વ ન્યૌછાવર કરનારા પરિજનોનું સન્માન કરવાનો કાર્યક્રમ એ એક વિશિષ્ટ કાર્યક્રમ બની રહ્યો છે તેમ જણાવતા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે, સુરતની ડૉનેટ લાઈફ સંસ્થાને ફક્ત ગુજરાત જ નહીં, સમગ્ર દેશ તેમના આ માનવસેવાના કાર્યમાં તેમની સાથે છે તેમ વિશ્વાસ આપતા જણાવ્યું હતું.

અંગદાન કરનાર વ્યક્તિના પરિવારજનો, જેમના જીવનમાં નવજીવન લાવવાનું માધ્યમ બન્યા છે તેમને સત્કારવાના કાર્યક્રમમાં ચિંતનિય મંતવ્ય વ્યક્ત કરતા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે સુરતના સરસાણા ખાતેના એક્ઝિબિશન હોલમાં, આવા પરિવારજનોને મળી તેમની માનવતાની ઉત્કૃષ્ટ ભાવનાને બિરદાવી હતી. અંગદાન કરનારા પરિજનોની મનોઃસ્થિતિનો ચિતાર રજુ કરતા શ્રી કોવિંદે, આવી વ્યક્તિઓ કોઈ અજાણી વ્યક્તિ માટે જીવનદાતા બની રહે છે તેમ જણાવ્યું હતું.

ઓર્ગન હાર્વેસ્ટિંગથી લઈને તેના ટ્રાન્સપ્લાન્ટ સુધીની સમગ્ર પ્રક્રિયા ટાઈમ મેનેજમેન્ટ અને કુશળતાનો સુભગ સમન્વય બની, જરૂરિયાતમંદો માટે ખૂબ જ આશીર્વાદરૂપ બની રહે છે તેમ જણાવતા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે દેશમાં અંગદાન અને દેહદાન માટે જાગૃતિ વધે તે માટે પ્રયાસરત ડોનેટ લાઈફ સંસ્થાના પ્રયાસોની સરાહના કરી હતી. શાળા/કૉલેજો સહિત છેક છેવાડાના સ્તર સુધી આ બાબતે વ્યાપક જનજાગૃતિ કેળવાય તે આવશ્યક હોવાનું જણાવી રાષ્ટ્રપતિશ્રીએ અલ્હાબાદ અને લખનૌ જેવા શહેરોમાં શરૂ થયેલી અંગદાન/દેહદાનની પ્રવૃત્તિનો પણ આ વેળા ખ્યાલ આપ્યો હતો.

ડોનેટ લાઈફ સંસ્થાના સંચાલક સહિત આ આખા માનવતાના કાર્યમાં સંકળાયેલા પ્રત્યેક જણના પ્રયાસોની સરાહના કરતા રાજ્યપાલશ્રીએ પરમાર્થના આ કાર્યમાં પ્રવૃત્ત સૌ સંવેદનશીલ વ્યક્તિઓની સેવાપ્રવૃત્તિને બિરદાવી હતી. ગુજરાતની સંવેદના, કરૂણા, માનવતા અને સેવાભાવનાની પ્રવૃત્તિનો ઉલ્લેખ કરી, રાજ્યપાલશ્રીએ અંગદાન ક્ષેત્રની આ ઉત્કૃષ્ટ કામગીરી, ગુજરાતને નવી ગરિમા બક્ષી રહી છે તેમ જણાવ્યું હતું.

અંગદાન કરનારા પરિવારોના બાળકોના શિક્ષણની જવાબદારી પણ આ સંસ્થા લઈ રહી છે જે ખૂબ જ માનવિય અભિગમ છે તેમ જણાવતા રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ લોકકલ્યાણ માટે પોતાનું સર્વસ્વ ન્યૌછાવર કરવાની ઉત્કૃષ્ટ પરંપરા આ દેશની ધરોહર છે તેમ જણાવ્યું હતું. દધિચી ઋષિ અને શ્રી ગણેશજીનો ઉલ્લેખ કરી તેમણે સુરત શહેર અંગદાન ક્ષેત્રે ગુજરાતમાં નંબર-૧ છે તેમ જણાવી, માનવીય સંવેદનશીલતા પ્રજ્વલિત કરનારા અંગદાતા પરિવારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધોરણ ૧૦માં ૨૪૧૮૪૯ વિદ્યાર્થીનીઓ પાસ થઈ

## આ વખતે પણ ધો. ૧૦ના પરિણામમાં વિદ્યાર્થીનીઓ જ બાજી મારી ગઈ

ગાંધીનગર, તા.૨૯

ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ ગઈકાલે જાહેર કરવામાં આવ્યું હતું. માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ આ વખતે પણ વિદ્યાર્થીઓની સરખામણીમાં વિદ્યાર્થીનીઓએ બાજી મારી દીધી છે. વિદ્યાર્થીઓની પાસની ટકાવારી ૬૩.૭૩ ટકા રહી છે જ્યારે વિદ્યાર્થીનીઓની ટકાવારી ૭૨.૬૯ ટકા રહી છે. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાનુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતુ. પરિણામ ૬૭.૫૦ ટકા રહ્યુ છે. જાહેર કરવામાં આવેલા પરિણામમાં આ વખતે સુરત જિલ્લાએ મેદાન મારી લીધુ છે. સુરત જિલ્લાનુ પરિણામ ૮૦.૦૬ ટકા રહ્યુ છે. જ્યારે દાહોદ જિલ્લાનુ પરિણામ સૌથી ઓછુ ૩૭.૩૫ ટકા રહ્યુ છે. પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. જુનાગઢના ખોરાસા કેન્દ્રનુ પરિણામ ૯૬.૯૩ ટકા રહ્યુ છે. પરિણામની વાત કરવામાં આવે તો આ વખતે ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા માર્ક મેળવી લેનાર સ્કુલોની સંખ્યા ૩૬૮ રહી છે. આવી જ રીતે ગુજરાતી માધ્યમનુ પરિણામ ૬૫.૧૬ ટકા રહ્યુ છે. અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૯૦.૧૨ ટકા રહ્યુ છે. ૭૨.૬૯ ટકા વિદ્યાર્થીનિઓ પાસ થઈ છે. જ્યારે વિદ્યાર્થીઓમાં પાસની ટકાવારી ૬૨.૭૩ ટકા રહી છે. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા વધી ગઈ છે. આજે સવારે પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં આ વખતે ૭૯૫૫૨૮ નિયમિત વિદ્યાર્થીઓ હતા જે પૈકી ૭૯૦૨૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. નિયમિત ઉમેદવારોનું પરિણામ ૬૭.૫૦ ટકા રહ્યું છે અને ૫૩૩૪૧૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

# ગાંધીનગરમાં વિદ્યાસહાયકોના ધરણા



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ સવારે વિદ્યાસહાયકોના ધરણા યોજાયા હતા. વિદ્યાસહાયકોની ભરતી માટે ૧૦૦ કરતા વધારે આવેદન પત્ર મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને આપ્યા છતા તેમના પ્રશ્નોનું નિરાકરણ આવ્યું નથી. ટેટ-૨ ની પરિક્ષાના ૯ મહિના થયા હોવા છતા ભરતી કરવામાં આવી નથી. આરટીઆઈમાં મળેલી માહિતી મુજબ ગુજરાત રાજયમાં ૨૦૮૦૦ જગ્યાઓ ખાલી છે. તેમાંથી ૬૦ ટકા જગ્યા ભરવી ફરજીયાત છે. તે જગ્યાઓ જલ્દી તકે ભરવામાં આવે અને બેરોજગાર ને રોજગાર આપવામાં આવે તેવી લેખિત રજુઆત જિલ્લા કલેકટરને એનએસયુઆઈના કાર્યકર્તાઓ અને વિદ્યાસહાયકોએ કરી હતી. જો સરકાર દ્વારા વિદ્યાસહાયકોની માંગણી નહીં સ્વીકારવામાં આવે તો ૭૨ કલાક પછી ફરી ઉપવાસ આંદોલન શરુ કરવામાં આવશે.

ગુજરાત રાજયમાં આજની તારીખમાં ધો-૬ થી ૮માં અંદાજીત ૨૦૮૦૦ જગ્યાઓ ખાલી છે. જેમાં મુખ્ય વિષય ગણિત અને વિજ્ઞાનની ૮૮૧૮, ભાષામાં ૬૯૯૯ તથા સામાજીક વિજ્ઞાન ની ૪૯૮૩ જગ્યાઓ ખાલી છે. ધો-૧થી૫ નો અભ્યાસ ભણાવતા શિક્ષકો ધો-૬ થી ૮માં કામ કરે છે તે કામચલાઉ છે. તેમની લાયકાત અંડર ગ્રેજ્યુએશન છે આરટીઈ એકટ ૨૦૦૯ અંતર્ગત વિષય નિષ્ણાંતની લાયકાત ધરાવતા નથી અને હવે તો આગામી નવા સત્રથી જુન-૨૦૧૮ થી એનસીઆરટીનો અભ્યાસક્રમ આવે છે. તો ગુજરાત રાજયના ભુલકાઓનું ભવિષ્ય ઝોખમાય નહી તે અંગે તંત્રએ વિચારવુ જોઈએ. રાજયમાં આરટીઆઈ એકટ અન્વયે ધો-૬ થી ૮માં ૩૫ બાળકો દીઠ ૧ શિક્ષક હોવો જોઈએ. જયારે કુલ ખાલી જગ્યાના ૬૦ ટકા ભરતી કરવાની હોય છે તેમજ ૪૦ ટકા જગ્યા બદલી કે તેમજ વધઘટ કેમ્પ માટે ખાલી રાખવાની હોય છે. ટેટ પાસ કરીને ઉંચુ મેરીટ લાવેલા ઉમેદવારોને ટેટ-૨ પાસ કર્યાને એક વર્ષ જેટલો સમય થવા આવ્યો છતા હજુ સુધી ભરતી કરવામાં આવી નથી.

# ગંદા પાણીના શુદ્ધિકરણનું "વોટર રીટ્રીટ મેનેજમેન્ટ" સમગ્ર દેશને રાહ ચીંધશે

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, પાણીની સમસ્યાના નક્કર ઉકેલ માટે પુરુષાર્થનીક પરાકાષ્ઠાએ પણ કાર્ય કરવા રાજ્ય સરકાર કૃતનિશ્ચયી છે. ગાંધીનગર ખાતે રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર પોલીસીને ખુલ્લી મુકતાં મુખ્યમંત્રીએ દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું કે, પાવરગ્રીડની જેમ વોટરગ્રીડ તૈયાર કરનારા ગુજરાત રાજ્યની આ પોલીસી દ્વારા ગંદા પાણીના શુદ્ધિકરણનું "વોટર રીટ્રીટ મેનેજમેન્ટ" સમગ્ર દેશને રાહ ચીંધશે.

મુખ્યમંત્રીએ ગટરના શુદ્ધ કરેલા પાણીના પુનઃ ઉપયોગ અંગેની નીતિ વિશે વધુમાં જણાવ્યું હતું કે, હવે આપણે પાણીના અન્ય ઉપયોગ માટે ભુગર્ભજળ ઉપરના ભારણને ઘટાડવું પડશે , સરફેસ વોટરના ઉપયોગને ઘટાડવું પડશે, તેમણે એમ પણ જણાવ્યું હતું કે, પીવાના પાણીની ભાવિ જરૂરિયાતને ધ્યાને રાખી હવે આપણે રીસોર્સ, રીટ્રીટ, રીડ્યુસ અને રીયુઝની નીતિ અપનાવવી પડશે. પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા નવા નવા રીસોર્સ-સ્ત્રોતનું નિર્માણ કરવું પડશે. ગટરના ગંદા પાણીને શુદ્ધ કરવા-રીટ્રીટ કરવા નક્કર આયોજન કરવું પડશે. પાણીનો બીનજરૂરી ઉપયોગ "રીડ્યુસ" અટકાવવો પડશે અને પાણીના પુનઃવપરાશ રી યુઝને અપનાવવું પડશે.



રાજયભરની દરેક નગરપાલિકા-મહાનગરપાલિકા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉભા કરીને રીટ્રીટ વોટરનો મહત્વનો સ્ત્રોત તૈયાર કરે એવો અનુરોધ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ૪૪-૪૫ ડિગ્રી તાપમાન વચ્ચે પણ ગુજરાતની જનતાએ સુજલામ્ સુફલામ્ જળસંગ્રહ મહાઅભિયાન દ્વારા જળસંચય ક્ષેત્રે સમગ્ર દેશને રાહ ચીંધ્યો છે ત્યારે પુનઃ ઉપયોગ માટે ગંદા પાણીના શુદ્ધિકરણ માટેની આ પોલીસી દ્વારા ગુજરાત ફરી એક વખત રીટ્રીટ વોટરના ઉપયોગ ક્ષેત્રે દેશને રાહ ચીંધવા તૈયાર થયું છે.

પાણી વગર વિકાસ શક્ય નથી. આપણે ગુજરાતને પાણીદાર બનાવવું છે અને દુષ્કાળને ભૂતકાળ બનાવવાનો છે. આ સંકલ્પ સાથે ગુજરાતે આ મહિને ત્રણ નિર્ધાર કર્યા હતા તેની ફલશ્રુતિ વર્ણવતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પાણીની જરૂરિયાતને પહોંચી વળવા રાજ્ય સરકારે ૧૬૦૦ કિ.મી.નો દરિયાકિનારો ધરાવતા ગુજરાતમાં દરિયાના ખારા પાણીને મીઠું બનાવવા ડીસેલીનેશન પ્લાન્ટ તૈયાર કરવા પ્રયાસો હાથ ધર્યા છે. આવા એક પ્લાન્ટને મંજૂરી મળી ગઈ છે, બીજા પ્લાન્ટ માટે કાર્યવાહી ચાલુ છે. આવા આઠ-દસ ડીસેલીનેશન પ્લાન્ટ દ્વારા પીવાનું મીઠું પાણી તૈયાર કરવાનો રાજ્ય સરકારે પ્રારંભ કરી દીધો છે. રાજ્ય સરકારનો બીજો નિર્ધાર ભરૂચ નજીક ભાડભૂત યોજનાને સાકાર કરવાનો છે જે અંતર્ગત ભાડભૂત યોજનાના મુખ્ય વિયર રૂા.૨૮૦૦ કરોડના કાર્ય માટે ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યા છે અને ટૂંક સમયમાં આ કામગીરી શરૂ થશે જ્યારે ત્રીજો નિર્ધાર એટલે "રીયુઝ" ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર પોલીસી" તૈયાર કરવાનો હતો જે આજે સાકાર થઈ રહ્યો છે. રાજ્ય સરકારે હવે પાણીની ભાવિ જરૂરિયાતોને પહોંચી વળવા નર્મદા અને ભુગર્ભજળ જેવા કુદરતી સ્ત્રોત ઉપરાંત અન્ય સ્ત્રોત શોધીને નક્કર આયોજન હાથ ધર્યુ છે હવે નર્મદા યોજના-ભૂગર્ભ જળ, ડિસેલીનેશન વોટર - રીટ્રીડ વોટર વગેરે જળસ્ત્રોતો દ્વારા ગુજરાત રાજ્ય ભાવિ વોટર મેનેજમેન્ટ હાથ ધરશે.

# નિફ્ટ ખાતે બેસ્ટ ગારમેન્ટ કન્સ્ટ્રક્શન એવોર્ડ વિતરણ




ગાંધીનગર, તા. ૨૯

સિલાઈ મશીન ઉદ્યોગમાં અગ્રણી જુથ ઉષા ઈન્ટરનેશનલ લિ. દ્વારા એનઆઈએફટી, ગાંધીનગર ખાતે યોજાયેલા પદવીદાન સમારંભમાં એનઆઈએફટી બેસ્ટ ગારમેન્ટ કન્સ્ટ્રક્ટશન એવોર્ડ ૨૦૧૮ની વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કંપની મુંબઈ, ચેન્નાઈ, કન્નુર, પટના, ગાંધીનગર, હૈદ્રાબાદ, કાંગરા, બેગ્લુરૂ, રાય બરેલી, શિલોંગ, ભુવનેશ્વર, કોલકત્તા અને નવી દિલ્હી ખાતે પ્રત્યેકી ૩ એનઆઈએફટી સેન્ટરો ખાતે ઉભરતા ફેશન ડિઝાઈનરોને પ્રોત્સાહન આપવા માટે ૨૦૦૭થી વાર્ષિક આ પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

આ વર્ષે સુધાંશુ સોમવંશીને ઉષા જેનોમ ડ્રીમ મેકર ૧૨૦ સિલાઈ મશીન, ટ્રોફી, સર્ટિફિકેટ અને રૂ. ૧૦,૦૦૦નું રોકડ ઈનામ ઉષા ઈન્ટરનેશનલ દ્વારા આપવામાં આવ્યું હતું. આ સંધ્યા સમયે ફેશન ડિઝાઈનરો, એનઆઈએફટી ફેકલ્ટી અને એનઆઈએફટી સાથે તેમના પરિવારોનો ભવ્ય મેળાવડો જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ રેમ્પ પર તેમનાં અદ્ભુત કલેક્શન પ્રદર્શિત કરીને દર્શકોને મોહિત કરવામાં આવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં વિકાસના કામો વહીવટી મંજૂરીના અભાવે ખોરંભે : રાજેન્દ્ર પારઘી

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં જિલ્લા આયોજન મંડળ ૨૦૧૮-૨૦૧૯ તેમજ ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ન્યુ ગુજરાત પેટર્નના ૨૦૧૭/૨૦૧૮ના આયોજન સબંધે જળસંચય ક્ષેત્રે તળાવો ઊંડા કરવા, હેન્ડ પંપ, બોર, મોટર, ડીપ-ગરનાળા, સી.સી. રોડ તેમજ પાણી પુરવઠાના કામો મંજૂર કરવામાં આવેલ છે. સાથે સાથે આયોજન મંડળ દ્વારા પીવાના પાણીના તેમજ અન્ય કામો મંજૂર કરવામાં આવેલ છે. આ કામો ચોમાસા પહેલા ચાલુ કરવા માટે વારંવાર રજુઆતો કરવામાં આવેલ પરંતુ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા વહીવટી મંજુરી ન આપવાને પરિણામે જિલ્લાના ગ્રામીણ વિકાસ ક્ષેત્રે વિકાસ ખોરંભે પડેલ છે. આ અંગે સ્થાનિક વહીવટી તંત્ર કક્ષાએ પણ અવાર-નવાર રજુઆતો કરવામાં આવેલ છે. આ કામો ચોમાસાની સિઝન શરૂ થાય તે પહેલા ચાલુ કરવામાં આવે તેવી પ્રજાની અને ચૂંટાયેલા પાંખની માંગણી ધ્યાને લેવામાં આવે. ભિલોડા-મેઘરજ ટ્રાયબલ સબ પ્લાનના કામો અંગે જિલ્લા પ્રાયોજના અધિકારીની કચેરીમાં વારંવાર રજુઆત કરવા છતાં વહીવટી મંજુરી આપવામાં આવતી નથી. રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની તંગી દૂર કરવા જળસંચય-જળ વિતરણ અને જળ વ્યવસ્થા સ્થાપનની નીતિ અંગે મોટી મોટી જાહેરાતો કરી બણગાં ફૂંકે છે પંરતુ અરવલ્લી જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન અને આયોજન મંડળના અધિકારીઓના મનસ્વી વર્તનને કારણે મંજર થયેલ કામોને વહીવટી મંજૂર ન આપવાથી કામો ચાલુ થઈ શકેલ નથી. અરવલ્લી જિલ્લામાં ગત વર્ષે અંતરાય વિસ્તારમાં ઓછો વરસાદ થયેલ છે. જેના કારણે પીવાના પાણીની મુશ્કેલી સર્જાઈ છે.

## કંપની સમાચાર

### એશિયાનો સૌથી મોટો રબર એક્સ્પો જાન્યુઆરી, ૨૦૧૯માં મુંબઈમાં યોજાશે

ધ ઈન્ડિયન રબર એક્સ્પો (આઈઆરઈ) એશિયાનો સૌથી મોટો રબર એક્સ્પો છે. તેની શરૂઆત વર્ષ ૨૦૦૧માં થઈ હતી અને અત્યારે રબર ઉદ્યોગમાં સૌથી વધુ અપેક્ષિત ઘટનાઓમાંની એક તરીકે વિકસી છે. હવે તેની ૧૦મી આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને કોન્ફરન્સ મુંબઈમાં બોમ્બે એક્ઝિબિશન સેન્ટરમાં વૃદ્ધિ, આદાનપ્રદાન અને જોડાણ માટે કિંમતી પ્લેટફોર્મ તરીકે યોજાશે. આ મુખ્ય કાર્યક્રમનું આયોજન ઓલ ઈન્ડિયા રબર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન કરે છે, જે દેશમાં સૌથી જૂનાં ઉદ્યોગ સંગઠનોમાંનું એક છે, જેની સ્થાપના વર્ષ ૧૯૪૫માં થઈ હતી. ઓલ ઈન્ડિયા રબર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની સ્થાપના ભારતીય રબર ઉદ્યોગને વિકસાવવા અને પ્રોત્સાહન આપવા તથા તેનાં હિતોનું રક્ષણ કરવાનાં ઉદાર આશય સાથે થઈ હતી. અત્યારે આ એસોસિએશનમાં ૧૨૦૦થી વધારે સક્રિય સભ્યો છે, જે રબર ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરે છે.

ઈન્ડિયન રબર એક્સ્પો ૨૦૧૯ આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને પૂર્ણ કરવા હરણફાળ ભરશે, જેમાં ઈન્ડિયન રબર એક્સ્પો, મુંબઈમાં સામેલ થવા દુનિયાભરનાં ઉદ્યોગનાં વ્યાવસાયિકોને આવકારવામાં આવશે. ભારતીય કંપનીઓને વિદેશી કંપનીઓ સાથે જોડાણ કરવા અને તેમના પ્રતિનિધિઓને મળવા આ એક્સ્પો વિશિષ્ટ પ્લેટફોર્મ ઓફર કરે છે.

### પ્રવેશોત્સવ ઉજવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવેશોત્સવ માટે પદાધિકારીઓની ફાળવણી અંગેના હુકમો જૂનના પ્રથમ સપ્તાહના અંત સુધીમાં કરી દેવામાં આવશે. આ પ્રવેશોત્સવમાં રાજ્ય સરકારના મંત્રીઓ ઉપરાંત અધિકારીઓ તેમજ બોર્ડ-નિગમના ચેરમેનો, ડિરેક્ટરો પણ જોડાશે.

આ પ્રવેશોત્સવની સાથે સાથે નવા બંધાયેલા વર્ગખંડો તેમજ શૈક્ષણિક સંકુલોના લોકાર્પણ કાર્યક્રમોને પણ સાંકળી લેવામાં આવશે. જિલ્લાવાર કેટલા નવા વર્ગખંડો તૈયાર થયા, બાળકોની સંખ્યા, પ્રવેશોત્સવ માટે રૂટો વિગેરે તૈયાર કરી આ સપ્તાહના અંત સુધીમાં શિક્ષણ વિભાગને મોકલી આપવાની સૂચનાઓ પણ અપાઈ હોવાનુ જાણવા મળેલ છે.

### દબાણો હટાવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાગે ઢગલા બંધ કાચા પાકા દબાણો તંત્રની ઝપટે ચઢયા હતા. આ વિસ્તારમાં અંદાજિત ૨૦ જેટલા પ્લોટમાં પાછળની બાજુએ શેડ તેમજ પાકુ દબાણ કરી કેટરીંગનો સામાન તેમજ કંડમ ગાડીઓ મુકી દબાણ કરાયુ હતુ. કેટલાક ઠેકાણે કાર સર્વિસ સ્ટેશન પણ ઉભુ કરી દેવાયુ હતુ. જી આઈ ડી સી વિસ્તારમાં મનફાવે તેમ દબાણો કરી દેવાયા હોવાનુ ધ્યાને આવતા આ વિસ્તારમાં દબાણો દુર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુ પટેલ , જીલુભા ધાંધલ પણ સતત દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન હાજર રહયા હતા. દબાણતંત્રની ટીમે એક પછી એક દબાણો દુર કરી જગ્યા ખુલ્લી કરી હતી. અંદાજિત ૨૦ જેટલા પ્લોટ આસપાસના વિસ્તારમાં ફેલાયેલા દબાણો દુર કરાયા હતા. સુત્રોના જણાંવ્યા મુજબ બુધવારે પણ દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે જયારે બાકી રહેતા દબાણો પણ દુર કરાશે.

### સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિવારોની જમા પૂંજી સાચવતી બેંકો સામે જ પ્રશ્નાર્થ ઉભો કર્યો છે. મધ્યમવર્ગને લાગે છે કે તેમને લોન મેળવતાં ફાંફા પડી જાય છે જ્યારે આ ઉદ્યોગપતિઓ સરકારની રહેમનજર હેઠળ કરોડો રૂપિયા લઈ નાસી છૂટે છે. વળી આટ આટલાં દેશોમાં ફરી વિવિધ કરારો કરતા મોદી વિદેશોમાં છુપાયેલા આ અપરાધીઓને પકડવા માટે કેમ અન્ય દેશો પર દબાણ લાવી શકતા નથી.

જ્યારે છેલ્લા કેટલાક દિવસોથી વધી રહેલા પેટ્રોલ-ડીઝલના ભાવોને કાબુમાં નહી રાખવાની સરકારની નીતિથી મધ્યમ વર્ગ પરેશાન છે. આ બધા જ કારણોસર એક સમયે ખુલીને મોદીનો સાથ આપનાર મધ્યમ વર્ગ હવે મોદી સરકારના પગલાંઓ વિશે ખૂબ વિચારે છે. મધ્યમ વર્ગને લાગે છે કે મોદી હવે તેમના નેતા નથી, કે એમની પાસે હવે મધ્યમ વર્ગને કરેલા વાયદાઓ પૂરા કરવાનો સમય નથી...

### ખાસ સત્ર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપસ્થિત રહીને પાટીદાર ન્યાય પંચાયતમાં રજૂ થયેલા વિવિધ મુદ્દાઓ, સમાજના પ્રશ્નો, સમાજની લાગણીઓ અને માંગણીઓ અંગે ચર્ચામાં ભાગ લીધો હતો.

પાટીદાર ન્યાય પંચાયતમાં ભાજપ દ્વારા પાટીદાર સમાજ પર થયેલા દમન અને ૨૨ હજાર જેટલા કેસો પરત ખેંચવા ભાજપ દ્વારા ચૂંટણી પહેલા અપાયેલા વચનો અને ચૂંટણી બાદ ભુલાઈ ગયેલ તે વચન અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી અને કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો અને આગેવાનોએ તેમાં ભાગ પણ લીધો હતો. કોંગ્રેસ પક્ષની જેમ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી સહિત અન્ય ધારાસભ્યોને પણ આમંત્રણ અપાયા હતા પરંતુ તેઓ શા માટે હાજર રહ્યા નહીં તેનો જવાબ તો તેઓ જ આપી શકશે. મોંઘવારી, મહિલા અત્યાચાર જેવી પોતાની નિષ્ફળતા છુપાવવા ભાજપ સરકાર મા નામના શબ્દને આગળ ધરીને સમગ્ર નારી શક્તિનું અપમાન કરી રહી છે. ભાજપ ચૂંટણીઓ વખતે આપેલા વચનો ચૂંટણી બાદ ભુલી જાય છે તેનો જવાબ પ્રજા આપશે.

### ઉંચુ આવે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ નગરની આદર્શ નિવાસી શાળામાં પરિણામની ટકાવારી અન્ય સરકારી શાળાઓની સાપેક્ષમાં ઉંચી જોવા મળે છે. સરકારી શાળાઓનુ પરિમામ સરેરાશ ૫૦ ટકાથી નીચુ રહે છે. જયારે આદર્શ નિવાસી શાળાઓમાં પરિણામ ૭૦ ટકા જેટલુ ઉંચુ આવે છે. સરકારી તંત્ર હસ્તકની આ બન્ને પ્રકારની શાળાઓમાં પરિણામની ટકાવારીમાં આશ્ચર્યજનક રીતે ફેરફાર જોવા મળે છે. આ વર્ષે પણ ધોરણ -૧૦ માં નગરની ત્રણ આદર્શ નિવાસી શાળાઓનુ પરિણામ પણ ઉંચુ રહયુ છે. જયારે સરકારી શાળાઓમાં ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી ૧૨ શાળાઓ છે. આ ઉપરાંત અન્ય સરકારી શાળાઓમાં પણ ૫૦ ટકાથી ઉંચુ પરિણામ આવતુ નથી. આ દ્રષ્ટીએ શિક્ષણ તંત્રએ આ શાળાના ઉંચા પરિણામનો પણ અભ્યાસ કરી નબળુ પરિણામ ધરાવતી શાળાઓના અસરકારક પરિણામ માટે નવતર પ્રયાસ હાથ ધરવો જોઈએ તેવી અનિવાર્યતા વર્તાય છે.

### મોનસુનની એન્ટ્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આની સાથે જ ભારતમાં વરસાદની સિઝનની શરૂઆત થઈ ગઈ છે. બીજી બાજુ હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા કહેવામાં આવ્યુ છે કે મોનસુનની એન્ટ્રી ।ગામી ૨૪ કલાકની અંદર થનાર છે. હવામાન વિભાગે ૧૦ દિવસ પહેલા પણ ૨૯મી સુધી મોનસુનની એન્ટ્રી થઈ જશે તેવી વાત કરી હતી. સ્કાયમેટે ૨૮મી મેના દિવસે મોનસુનની એન્ટ્રી કેરળમાં થઈ જશે તેવી આગાહી કરી હતી. હવે તેનુ કહેવુ છે કે દક્ષિણપશ્ચિમ મોનસુનના ઈન્તજારનો સમય પૂર્ણ થયો છે. મોનસુનની એન્ટ્રી થઈ ગઈ છે. હવામાનના માપદંડના આધાર પર કહી શકાય છે કે ભારતમાં મોનસુન પહોંચી જવાની જાહેરાત કરવાના તમામ માપદંડને પણ તે પૂર્ણ કરે છે. મોનસુનના ટેકનિકલ પાસાને છોડી દેવામાં આવે તો કેરળમાં વરસાદની શરૂઆત થઈ ગઈ છે. અત્રે નોંધનીય છે કે સામાન્ય રીતે કેરળમાં મોનસુન પહેલી જુનના દિવસે પહોંચી જાય છે. ત્યારબાદ મોનસુન ઉત્તરની તરફ વધે છે. ૧૫મી જુલાઈ સુધી મોનસુન સમગ્ર દેશમાં પહોંચી જાય છે. આ વર્ષે વહેલી તકે વરસાદ પડવાને લઈને ખેડુતો માટે સારા સંકેત તરીકે ગણવામાં આવે છે. આવી સ્થિતીમાં ખરીફ પાક માટે વાવણી ખેડુત વહેલી તકે શરૂ કરી શકે છે. જો કે આઈએમડી કહે છે કે મોનસુનની એન્ટ્રી કેરળમાં વિધીવતરીતે હવે થઈ રહી છે. સોમવારના દિવસે કેરળમાં શાનદાર વરસાદ થયો છે. અમે પોતાની પરિભાષા હેઠળ માપદંડને ધ્યાનમાં લઈને આની જાહેરાત કરીશુ. હાલમાં દેશના જુદા જુદા ભાગોમાં ભીષણ ગરમી પડી રહી છે. પ્રાઈવેટ વેધર એજન્સી મોનસુનને લઈને ખુશ છે. બે સંસ્થાઓ વચ્ચે મોનસુન બેસી જવાને લઈને વિરોધાભાષની સ્થિતિ જોવા મળી રહી હતી.

### ગુલમહોર

● ચોથા પાનાનું ચાલું

આનંદના ચહેરા ઉપરથી જાણે 'આનંદ' છીનવાઈ ગયો હતો. કમળાબાએ પાણી ભરી રાખ્યું હોય તો પાણી ભરેલા વાસણ ઊંધા પાડી દે. પીવાનું પાણી પણ ઢોળી દે. આનંદ વિફરે ત્યારે રાંધેલું અન્ન પણ ફેંકવા માંડે. પોતે ખાય નહિ અને કમળાબાને પણ ખાવા ન દે. ધોયેલાં કપડાં કાદવ-કિચડમાં મેલાં કરી નાખે. રૂપિયા ક્યાંક સંતાડીને સાચવીને મૂક્યાં હોય અને તેના હાથમાં આવે તો રૂપિયાની નોટો પણ ફાડી નાખે.

દેખાવે પ્રૌઢ છતા આનંદની બધી વર્તણુંક ચાર-પાંચ વર્ષના બાળક જેવી છે. પચાસ વર્ષના દીકરાની પાંચ વર્ષના બાળક જેવી હરકતો કમળાબા હસતા મોંઢે ચલાવી લે છે. તે શાંત હોય ત્યાં સુધી નિરાંત ખરી પણ જાણે તોફાન પહેલાંની શાંતિ. વર્ષે એકાદ વાર થોડા દિવસો માટે તેને સારવારઅર્થે મૅન્ટલ હૉસ્પિટલમાં ખસેડવો પડે છે. આનંદનાં તોફાનોથી થાકી-હારીને કમળાબા તો ઈચ્છે છે કે તેને હવે કાયમ માટે મૅન્ટલ હૉસ્પિટલમાં જ રાખવામાં આવે. કમળાબા હજુ કંઈ સમજે કે વિચારે એ પહેલા તો પાણી ભરેલું માટલું પછાડવાનો અવાજ આવ્યો.

રસોડામાંથી બહાર દોડી આવેલો આનંદ જાણે સભાનતાપૂર્વક બોલ્યો: "બા, મારે હવે ક્યાંય નથી જવું. મને ત્યાં બહુ ત્રાસ આપવામાં આવે છે."